# શહેરમાં બાયોલોજીસ્ટ નથી અને જિલ્લામાં મેલેરિયા અધિકારી નથી

**વિશ્વ મેલેરિયા દિવસે શહેર-જિલ્લામાં તંત્રની ઉદાસીનતા આંખે વળગે છે : મચ્છરોના નિયંત્રણ માટે મનપાએ મોકલેલા હેલ્થ બાયલોઝને સરકારે એક વર્ષથી મંજૂરી આપી નથી તેથી તંત્ર દાંત વગરના સિંહ જેવુ : શહેરમાં ૬ હજાર ખાડાઓમાં વરસાદી પાણી ભરાઈ રહે છે : બધુ ચાર્જમાં ચાલે છે કેમ કે સર્વેલન્સનું રિપોર્ટીંગની વિગતો આંદોલનને કારણે સરકાર પાસે જ ઉપલબ્ધ નથી**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર શહેરમાં બાયોલોજીસ્ટ અને ગાંધીનગર જિલ્લામાં મેલેરિયા અધિકારીની ખાલી જગ્યાઓ છે. આજે વિશ્વ મેલેરિયા દિવસની ઉજવણી કરવામાં આવી રહી છે પણ વાસ્તવિકતા સાવ અલગ છે.

ગાંધીનગર શહેરમાં બાયોલોજીસ્ટની જગ્યા છેલ્લા ઘણા વખતથી આઉટ સોર્સિંગથી ચાલી રહી છે. આ જગ્યા પર નિયમિત નિમણુંક ના થતાં એક તબક્કે જગ્યા એબેન્સમાં ગઈ હતી પરંતુ પછીથી આ જગ્યા ફરી ઉભી કરવામાં આવી જે પહેલાં પ્રતિનિયુક્તીથી અને હવે આઉટ સોર્સિંગથી કામગીરી કરવામાં આવી રહી છે.

જિલ્લા મેલેરિયા અધિકારીની જગ્યા પણ લગભગ એક વર્ષ કરતાં વધુ સમયથી ખાલી છે અને આ જગ્યા પર ચારથી વધુ ઈન્ચાર્જોની નિયુક્તી કરી તંત્ર ચલાવવામાં આવી રહ્યુ છે.

## આજે વિશ્વ મેલેરિયા દિવસે ગાંધીનગરને સ્પર્શતી વાતો

આખા રાજયમાં આવી સ્થિતિ પ્રવર્તી રહી છે એ જ પ્રમાણે એન્ટોમોલોજીસ્ટોની જગ્યાઓ ખાલી છે તેની ભરતી માટે પણ તંત્ર દ્વારા કોઈ સઘન પ્રયાસો કરવામાં આવ્યા નથી તે અત્યંત દુ:ખદ પાસુ છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં મેલેરિયાના કેસો જરૂર ઘટ્યા છે પરંતુ વાહકજન્ય રોગચાળામાં ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના કેસો વધ્યા છે તે વાત પણ એટલી જ સ્પષ્ટ છે.

મેલેરિયાના કેસોમાંય ફાલ્સીફેરમ (ઝેરી મેલેરિયા)ના કેસો ઘટ્યા છે પણ સાદા મેલેરિયાના કેસોમાં પણ ઘટાડો જોવા મળ્યો છે. મચ્છરોથી થતા ડેન્ગ્યુ અને ચિકનગુનિયાના કેસો શહેરી વિસ્તારોમાં વધ્યા છે તે ચિંતાજનક છે.

મચ્છરોની ઉત્પત્તિ અટકાવવા અને વાહકજન્ય રોગચાળાને નાથવા માટે સરકારે આ વખતે ચોમાસા પૂર્વે બે રાઉન્ડ હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ માટે જાહેર કર્યા છે. જેથી આગામી દિવસોની રણનીતિ તૈયાર થઈ શકે પરંતુ આરોગ્ય કર્મીઓ દ્વારા ચાલી રહેલ આંદોલનને પગલે કેસોનું કે સર્વેલન્સની કામગીરી દરમ્યાન ક્યાંથી કેટલા પ્રમાણમાં મચ્છરોના પોરા, બ્રીડીંગ મળ્યા તેની કોઈ વિગતો જ ઉપલબ્ધ ન થતાં હાલ બધુ અંધારામાં બંદૂક ફોડવામાં આવતી હોય તેમ લાગ્યા કરે છે.

૨૦૨૧માં રાજયની ૨૦ ટકા જેટલી વસ્તીને સર્વેલન્સમાં આવરી લેવામાં આવી હતી. આ વર્ષે ૨૦ ટકાથી વધુ વસ્તીને આવરી લેવાનું લક્ષ્યાંક રાખવામાં આવેલ છે. દર હજારની વસ્તીએ મેલેરિયા કેસનું પ્રમાણ ૧ થી નીચે રાખવામાં તંત્ર સફળ થયાનો દાવો કરી રહેલ છે અને એટલે જ ઘટાડો જોવા મળી રહ્યો છે.

૨૦૨૧ના દરમ્યાન રાજયમાં ૪૩૧ ગામો મેલેરિયા માટે સંવેદનશીલ વિસ્તાર તરીકે અલગ તારવ્યા છે. વર્ષ-૨૦૨૧ દરમ્યાન મેલેરિયા માટે આવ્યુ હતુ.

ચોમાસામાં વરસાદ પછી

### ગાંધીનગરમાં મચ્છરોના ત્રણેય પ્રકાર જોવા મળે છે

મચ્છરો સામાન્યત: ત્રણ પ્રકારના જોવા મળે છે. એનોફિલીસ મચ્છર, ક્યુલેક્સ મચ્છર અને એડિસ મચ્છર. આ મચ્છરોના ત્રણેય પ્રકાર ગાંધીનગરમાં જોવા મળે છે.

ક્યુલેક્સ મચ્છર બાઈટ નથી કરતા તેમજ ગંદા પાણીની આસપાસ વધુ જોવા મળે છે એટલુ જ નહિ તે ગણગણાટ તેના ઉડાન દરમ્યાન વધુ કરતા જોવા મળે છે.

મચ્છરોની ઉત્પત્તિને નાથવા માટે ગપ્પી માછલીનો પણ તંત્ર દ્વારા ઉપયોગ થતો હોય છે. મચ્છરોના પોરા નરી આંખે જોઈ શકાતા નથી પણ ચોખ્ખા અને બંધિયાર પાણીમાં તે જોવા મળે છે.

### મેલેરિયાના મચ્છરો રાત્રે કરડે તો ડેન્ગ્યુના મચ્છરો દિવસે કરડે છે

મેલેરિયા એ એનોફિલીસ મચ્છર કરડવાથી થાય છે જ્યારે ડેન્ગ્યુ એ એડિસ મચ્છર કરવાથી થતો હોય છે.

મેલેરિયાનો મચ્છર મોટા ભાગે સાંજે કરડવાનું શરૂ કરે છે અને આખી રાત કરડતા રહે છે. ડેન્ગ્યુનો મચ્છર દિવસે જ કરડે છે.

એનોફિલીસ મચ્છરની ફ્લાઈટ રેન્જ ૧॥ થી ૩ કિ.મી. છે. જ્યારે એડિસ મચ્છરની ફ્લાઈટ રેન્જ ૪૦૦ મીટર જેટલી હોય છે.

એનોફિલીસ મચ્છર એકવાર કરડવાથી પણ મેલેરિયા થઈ શકે છે જ્યારે એડિસ મચ્છર બાઈટ કરે છે તે લોહી કેટલુ મળે છે તેના પર નિર્ભર કરે છે.

રાજયમાં દર વર્ષે મેલેરિયાના મચ્છરોને નિયંત્રણમાં લેવા માટે થતા દવાના છંટકાવના વિસ્તારોમાં અલગ તારવવામાં આવ્યા હતા. આ વર્ષે તંત્રે ૩૯૧ ગામોને પ્રાથમિક અહેવાલોને આધારે સંવેદનશીલ ગામોમાં સાડા છ લાખથી વધુ દવાયુક્ત મચ્છરદાનીનું વિતરણ કરવામાં મચ્છર ઉત્પત્તિ સ્થાનોમાં વૃદ્ધિ થતા મચ્છરોની સંખ્યામાં વધારો થાય છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં આગામી ચાર દિવસ હિટવેવની આગાહી

**મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રી સુધી નોંધાઈ શકે છે : હવામાન વિભાગ દ્વારા યલો એલર્ટ જાહેર**

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર સહિત ઉત્તર ગુજરાતના અનેક વિસ્તારોમાં ફરી ભયંકર ગરમીનો અનુભવ થશે. હવામાન વિભાગે આગામી ચાર દિવસ માટે યલો એલર્ટ જાહેર કરી હીટવેવની આગાહી કરી છે. પારો ૪૪ ડિગ્રી સુધી પહોંચી શકે તેવુ હવામાન વિભાગે જણાવ્યું છે.

રાજયમાં પુન: આકરી ગરમી પડવાની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગે આગામી ચાર દિવસ સુધી રાજયના અનેક જિલ્લાઓ માટે હિટવેવની આગાહી કરી છે. આ જિલ્લાઓમાં ગરમીનો પારો ૪૨ ડિગ્રી સુધી જઈ શકે છે. કેટલાક શહેરોમાં મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રીથી પણ વધી શકે છે. ક્યાંક ક્યાંક મહત્તમ તાપમાન ૪૪ ડિગ્રી સુધી જઈ શકે છે.

હવામાન વિભાગની આગાહી અનુસાર આગામી ૨૮મી એપ્રિલ સુધી રાજયના અનેક જિલ્લાઓમાં હિટવેવની શક્યતાઓ છે. ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, પાટણ, સાબરકાંઠા, ગાંધીનગર તથા અમદાવાદ જિલ્લા માટે યલો એલર્ટ જાહેર કરાયુ છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં પણ ભારે ગરમી પડી શકે છે. યલો એલર્ટ જાહેર કરાયુ છે તેવા જિલ્લાઓમાં કો-મોર્બિડ લોકો, વૃદ્ધો તથા નાના બાળકોને તડકામાં બહાર જવાનું ટાળવાની સલાહ આપવામાં આવી છે. આ વર્ષે માર્ચ મહિનાથી જ કાળઝાળ ગરમીનો પ્રારંભ થઈ ચૂક્યો હતો. માર્ચ મહિનો છેલ્લા ૧૦ વર્ષની તુલનાએ વધુ ગરમ રહ્યો હતો. છેલ્લા ઘણા દિવસોથી ગાંધીનગરમાં ૪૨ ડિગ્રી જેટલી ગરમી પડી રહી છે. લોકો ગરમીથી તોબા પોકારી ગયા છે. પરંતુ હવામાન વિભાગે આનાથી પણ વધુ ગરમી પડવાની આગાહી વ્યક્ત કરી છે. મહત્તમ તાપમાન આગામી ૨૬ એપ્રિલથી ૨ મે દરમ્યાન ૪૪ ડિગ્રી જેટલુ થઈ શકે છે. પાકિસ્તાનની આસપાસ એન્ટિ સાયક્લોનિક સરક્યુલેશન રચાશે. જેના કારણે ગરમ સુકા પવનોનું જોર વધતા હીટવેવ રહેશે. એપ્રિલ મહિનાના છેલ્લા દિવસોમાં શહેરમાં રેકોર્ડબ્રેક ગરમી પડી શકે છે.

# ગાંધીનગરમાં સતત બીજા દિવસે ગરમીનો પ્રકોપ

**ગરમીનો પારો ઉંચકાયો : તાપમાન ૪૨. ૫ ડીગ્રી : રજાના દિવસે આકરી ગરમીથી બચવા માટે સેકટરવાસીઓ ઘરમાં પુરાયેલા રહ્યા : બપોરના સમયે સેકટરોમાં સન્નાટો : હીટવેવની અસરથી જન આરોગ્ય પ્રભાવિત : છેલ્લા પાંચ દિવસમાં ગરમીનુ પ્રમાણ ૩ ડીગ્રી વધ્યુ**

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગરમાં ગરમીનુ પ્રમાણ રોજબરોજ વધતા શહેરીજનો આકરી ગરમીમાં શેકાઈ રહ્યા છે. આજે સતત બીજા દિવસે પણ ગરમી વધી હતી જયારે મહત્તમ તાપમાન વધીને ૪૨.૫ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ. રજાના દિવસે ગરમીનો મિજાજ ઉગ્ર બનતા બપોરના સમયે સેકટરોની શેરીઓમાં અનોખો સન્નાટો જોવા મળ્યો હતો. હજુ પણ ગરમી વધવાની સંભાવના છે. ત્યારે ગરમીથી બચવા નગરજનોને કામ સિવાય ઘરની બહાર ન નિકળવાની પણ તબીબી સલાહ છે. છેલ્લા પાંચ દિવસમાં ગરમીનો પારો ૩ ડીગ્રી ઉપર આવ્યો છે. આજે સવારથી જ આકરી ગરમીની અસર વર્તાતી હતી જયારે બપોરના સમયે ચામડીને દાહ આપતી ગરમીમાં નગરજનો શેકાયા હતા. આક્રમક ગરમીના લીધે જનઆરોગ્ય પર વિપરિત



અસર વર્તાઈ રહી છે.

ગાંધીનગરમાં છેલ્લા પાંચ દિવસમાં મહત્તમ તાપમાનમાં ૩ ડીગ્રીનો વધારો થયો છે. જયારે છેલ્લા ત્રણ દિવસથી ગરમીનો પારો ૪૨ ડીગ્રીએ જોવા મળે છે. ગઈકાલે મહત્તમ તાપમાન ૪૨ ડીગ્રી પહોંચી ગયા બાદ આજે પણ ગરમીનુ પ્રમાણ વધતા નગરજનો અસહ્ય ગરમીમાં શેકાયા હતા. આજે મહત્તમ તાપમાનમાં ૦. ૫ ડીગ્રીનો વધારો થયો હતો. જયારે લઘુત્તમ તાપમાન પણ એક ડીગ્રી વધ્યુ હતુ જેના લીધે વાતાવરણમાં ગરમીનુ જોર વધ્યુ હતુ. સવારથી જ આકરી ગરમીની અસર વર્તાતી હતી. જયારે બપોર થતા આક્રમક હીટવેવના લીધે નગરજનો ઘરમાં પુરાયેલા રહ્યા હતા. અગાઉ સિઝનનુ મહત્તમ તાપમાન ૪૪ ડીગ્રી નજીક પહોંચી ગયુ હતુ. જેના લીધે નગરજનોએ સિઝનની રેકર્ડ બ્રેક ગરમીનો પણ અનુભવ કર્યો હતો. આ વર્ષે ગરમી માર્ચ મહીનાથી જ ઉગ્ર જોવા મળી રહી છે. જયારે માર્ચ એપ્રિલમાં જ ગરમીનો પારો ૪૦ થી ૪૪ ડીગ્રી વચ્ચે રહેતા શહેરીજનો સતત આકરી ગરમીમાં શેકાઈ રહ્યા છે. આજે સતત ચોથા દિવસે ગરમીનો પારો ઉપર ચઢયો હતો મહત્તમ તાપમાન ૪૨.૫ ડીગ્રી નોંધાયુ હતુ

● અનુસંધાન પાન-૭ પર

# સે-૧૬માં દબાણથી ઘેરાયેલો સાંકડા સર્વિસ રોડનુ વાઈડનીંગ કરવા પ્રબળ માંગ

**સાંકડા સર્વિસ રોડ પર એસ ટી ની બસો પણ દોડતી થતા ટ્રાફિકની સમસ્યા વધુ પેચીદી બની : પાર્કીંગ પ્લેસ પર્યાપ્ત નથી જયારે ઉપલબ્ધ જગ્યામાં પણ લાંબા સમયથી દબાણો ગોઠવાઇ જતા રોજબરોજ ચક્કાજામની સ્થિતિ**

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગર સ્માર્ટ સીટી બનવા તરફ આગળ વધી રહ્યુ છે. ત્યારે નગરને સ્માર્ટ બનાવવા માટે કરોડો રૂપિયાના ખર્ચે તોતિંગ પ્રોજેકટ હાથ ધરવામાં આવી રહ્યા છે. પરંતુ હજુ સુધી માળખાગત સુવિધાઓના મામલે નગર ચાર દાયકા જુની સ્થિતિમાં જ છે. શહેરમાં મોટા શોપિંગ બજાર ધમધમતા થયા છે પરંતુ આનુસંગિક વ્યવસ્થાના અભાવે કોર્મશિયલ વિસ્તારમાં વાહનચાલકો માટે આજા ફસાજા જેવી સ્થિતિ ઉભી થઈ છે. સે-૧૬નો સર્વિસ રોડ તેનુ ઉત્તમ ઉદાહરણ છે. સેકટરના સાંકડા સર્વિસ રોડની એકબાજુએ પાર્કીંગના ઠેકાણે એકબાજુ દબાણોની હારમાળા જોવા મળે છે ત્યારે આ વિસ્તારમાં હવે ડિઝલ પુરાવવા માટે એસ ટી બસો પણ દોડતી થતા ટ્રાફિકની સમસ્યા વધુ પેચીદી બની છે. આ સ્થિતિને અનુલક્ષી સર્વિસ રોડના વાઈડનીંગનુ કામ હાથ ધરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગરમાં છેલ્લા એક દાયકાથી પાર્કીંગની સમસ્યાથી શહેરીજનો તોબા પોકારી ગયા છે. જેમાં કોર્મશિયલ વિસ્તાર સહીત શહેરમાં સ્થિત અનેકવિધ સરકારી કચેરીઓમાં પણ પાર્કીંગની સુવિધા ખાડે ગયેલી છે. શહેરના મુખ્યમાર્ગ પર સ્થિત જિલ્લા કલેકટર કચેરી તેમજ કોર્ટ સંકુલ અને સહયોગ ભવનમાં પણ વાહન પાર્કીંગ માટે મુલાકાતીઓને જગ્યા મળતી નથી જયારે નગરના શોપિંગ બજારમાં પણ પાર્કીંગનો પ્રશ્ન દિન પ્રતિદિન પેચીદો બનતો જાય છે. જયારે શહેરના સે-૧૬ , સે-૧૧ અને સે-૨૧ માં પાર્કીંગની સળગતી સમસ્યા નિવારવા માટે અવારનવાર રજુઆત થઈ છે. પરંતુ કોઈ અસરકારક આયોજન કરવામાં આવ્યુ નથી. હાલ હયાત પાર્કીંગ પ્લેસ પર પણ દબાણોનો અડ્ડો છે. જેના લીધે વાહનચાલકોને પાર્કીંગ માટે મોટી મુંઝવણ ઉભી થાય છે. આ સ્થિતિ વચ્ચે હાલ સે-૧૬ ના સર્વિસ માર્ગ પર પાર્કીંગના પ્રશ્ને ભયાનક પરિસ્થિતિ જોવા મળે છે. ઘ-૪ થી ઘ-૫ વચ્ચેના રૂટમાં તંત્ર દ્વારા મુખ્યમાર્ગ પર અન્ડર પાસ બનાવી દેવાયો છે. જયારે અન્ડર પાસને અનુલક્ષી મુખ્યમાર્ગ પર ટ્રાફિકનો સિનારીયો પણ બદલાયો છે. પરંતુ મુખ્યમાર્ગને સમાંતર સર્વિસ રોડ પર રોજબરોજ ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે. આ સે-૧૬ ના આ સાંકડા સર્વિસ રોડ પર અનેકવિધ ઓફિસો, બેંકો, દુકાનો પેટ્રોલપંપ સહીતના વેપાર ધંધાનો ધમધમાટ છે. પરંતુ સાંકડા માર્ગ પર પાર્કીંગ વ્યવસ્થા જળવાતી નથી. વર્ષો અગાઉ તંત્ર દ્વારા નિર્માણ કરાયેલુ પાર્કીંગ પણ પુરતુ નથી જયારે આ ઠેકાણે પણ દબાણોની જગ્યા નિયત થઈ ગઈ

● અનુસંધાન પાન-૭ પર

## આજે પાંચ વર્ષ પૂર્ણ કરનાર વિદ્યા સહાયકોને પૂરા પગારના હુકમો અપાશે

**રાયસણ ખાતે કાર્યક્રમ યોજાશે : જિલ્લાના ૨૦૦થી વધુ વિદ્યાસહાયકોને આ હુકમ એનાયત થશે**

ગાંધીનગર, તા. ૨૪

વિદ્યાસહાયક તરીકે ધો. ૬ થી ૮ માં અલગ અલગ કેટેગરીમાં ભરતી કરાયેલ અને પાંચ વર્ષ પૂર્ણ થયેલ હોય તેવા જિલ્લાના ૨૦૦થી વધુ વિદ્યાસહાયકોને બી.એ.પી.એસ. સ્કૂલ રાયસણ ખાતે આજે શિક્ષણમંત્રી જિતુભાઈ વાઘાણીના હસ્તે પૂરા પગારના હુકમો એનાયત કરવામાં આવશે. રાયસણ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં ગાંધીનગર, અમદાવાદ ગ્રામ્ય, અમદાવાદ શહેર, અરવલ્લી, મહેસાણા અને સાબરકાંઠામાં ફરજ બજાવતા વિદ્યાસહાયકોને આવા હુકમો આપવામાં આવશે. મળતી વિગતો પ્રમાણે આખા રાજયમાં ૩૨૫૦ થી વધુ વિદ્યાસહાયકોને આવા હુકમો આપવાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે. આ કાર્યક્રમનું લાઈવ પ્રસારણ બાયસેગના માધ્યમથી તેમજ યુટ્યુબ લાઈવના માધ્યમથી કરવામાં આવનાર હોવાનું તંત્રના સૂત્રોમાંથી જાણવા મળેલ છે. શિક્ષણતંત્ર દ્વારા આ અંગેની તૈયારીઓ પૂરી કરી લેવામાં આવી હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યુ છે.

## રાજયમાં કોરોનાના નવા ૧૨ કેસ

ગાંધીનગર, તા.૨૪

ગુજરાતમાં કોરોનાના આંકડા કાબુમાં છે. રાજયમાં આજે કોરોનાના નવા ૧૨ કેસ નોંધાયા હતા. તો બીજી તરફ ૧૭ દર્દીઓ સાજા પણ થયા હતા.

અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૩,૨૦૪ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જેના પગલે ગુજરાતનો કોરોનાનો રિકવરી રેટ પણ સુધરીને ૯૯.૧૦ ટકા સુધી પહોંચી ચુક્યો છે. આ ઉપરાંત રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે. આજે રાજયમાં કોરોનાની કુલ ૯૭૨૯ રસીના ડોઝ આપવામાં આવ્યા હતા. બીજી તરફ હાલ કોરોનાના ૯૮ કેસ એક્ટિવ છે.

# સે-૨૧ શોપિંગમાં બંધ ફુવારા દુર કરી પાર્કીંગ બનાવવાનુ કામ શરૂ કરાયુ

**કમ્પાઉન્ડ વોલના નિર્માણ બાદ દબાણકર્તાઓ બહારની બાજુએ ખસી ગયા પરંતુ પાર્કીંગ વ્યવસ્થા નિયમિત કરવા માટે પહેરાના અભાવે આડેધડ વાહનોનો ખડકલો**

ગાંધીનગર તા ૨૪

સે-૨૧ માં પાર્કંગની સળગતી સમસ્યા હજુ પુર્ણરૂપે દુર થઈ નથી. સેકટરમાં એક દાયકાથી બંધ ફુવારનો કાટમાળ દુર કરી પાર્કીંગ માટે જગ્યા ખુલ્લી કરવા માટે રજુઆત થતી હતી જો કે આખરે આ ઠેકાણે હાલ પાર્કીંગ બનાવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે ટુંકમાં આ કામ પુર્ણ પણ થઈ જશે. ત્યારે સેકટરના શોપિંગ વિસ્તારમાં નિર્માણ કરાયેલી કમ્પાઉન્ડ વોલના લીધે દબાણકર્તાઓ બહારની બાજુ ખસી ગયા છે. પરંતુ પાર્કીંગ પ્લેસ પર યોગ્ય પહેરાના અભાવે હજુ વાહન પાર્કીંગની વ્યવસ્થા રેગ્યુલરાઈઝ થઈ નથી. જેના લીધે મુલાકાતીઓ માટે વાહન પાર્કીંગનો મુદ્દો આજે પણ માથાના દુખાવા રૂપ છે.

ગાંધીનગરના સે-૨૧ ડિસ્ટ્રીકટ શોપિંગ સેન્ટરમાં છેલ્લા ઘણાં સમયથી પાર્કીંગની સમસ્યા વેપારીઓ અને મુલાકાતીઓ માટે તોબારૂપ બની છે. જયારે શોપિંગ વચાળે સ્થિત ખુલ્લી જગ્યામાં વર્ષોથી બંધ ફુવારા અને વોટર બોડી પણ બિન ઉપયોગી હાલતમાં મચ્છરોનુ ઉદભવ સ્થાન બન્યુ હતુ જેને અનુલક્ષી સ્થાનિક વેપારીઓ દ્વારા પણ આ મામલે આ ઠેકાણે પાર્કીંગ પ્લેસ ઉભુ કરવા માટે રજુઆત કરવામાં આવી હતી જયારે શોપિંગ વિસ્તારમાં બંધ ફુવારા અને વોટર બોડીના સ્પેરપાર્ટસની પણ ઉઠાંતરી થઈ ગઈ હતી જેના સ્થાને પાર્કીંગ તૈયાર કરવા માટે લાંબા સમયથી વેપારીઓ કક્ષાએથી રજુઆત કરવામાં આવતી હતી પરંતુ કોઈ આયોજન ન થતા સ્થાનિક વેપારીઓ માટે પણ મુંઝવણ ઉભી થઈ હતી જો કે હાલ પાર્કીંગ પ્લેસ તૈયાર કરવાનુ કામ ચાલી રહ્યુ છે. જયારે ટુંકમાં આ કામગીરી પુર્ણ કરી દેવાશે. જેથી પાર્કીંગની સમસ્યામાં થોડી રાહત થશે. પરંતુ સે-૨૧ શોપિંગ વિસ્તારમાં કમ્પાઉન્ડ વોલ તાંણી બાંધવામાં આવ્યા બાદ પણ વાહનો નિયત જગ્યાએ પાર્ક થતા નથી જેના લીધે સમસ્યા યથાવત છે. કમ્પાઉન્ડ વોલનુ નિર્માણ કરાયા બાદ દબાણ કર્તાઓ બહારની બાજુએ વેપાર ધંધા માંડીને બેઠા છે. બીજીતરફ કમ્પાઉન્ડ વોલ આગળ પાર્કીંગની ડીઝાઈન પણ યોગ્ય રીતે તૈયાર કરવામાં આવી નથી જેના લીધે વાહનચાલકોને વાહન પાર્ક કરવા તેમજ નિકળાવામાં પણ હાલાકી વેઠવી પડે છે. પાર્કીંગ વ્યવસ્તા રેગ્યુલરાઈઝ થાય તે માટે સ્થળ પર કોઈ

● અનુસંધાન પાન-૭ પર

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જિન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૦૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com